## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



પિતાજી... મારું ધ્યાન રાખજો... ત્યાં ના ખબર છે કે... રામ રહિમને જેલ ભેગા કરવાના છે...!!

# પોલીસ પ્રજાનો મિત્ર કે વેરી ?!

## વેપારીને વિના વાંકે વારંવાર માર મારી પરેશાન કરતી પાટનગરની પોલીસ

પાટનગરની પોલીસ દ્વારા પ્રજાજનોને ઘણીવાર વિના વાંકે પરેશાન કરવાના બનાવો સમાચાર માધ્યમોમાં ચમકતા રહે છે. બનાવોમાં પોલીસની જોહૂકમી અને ધોકામારવૃત્તિને ઉઘાડો પાડતો બનાવ ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં બનવા પામ્યો છે. જો કે પોલીસના મારથી અવાક બનીને ડરી ગયેલા પીડિત વેપારીમાં આ અંગે ફરિયાદ કરવાની હામ પણ રહી નથી. વધુ આશ્ચર્યની વાત એ પણ છે કે પોલીસે કોઈ વાક ગુના વિના આ વેપારીને નિશાન બનાવીને પાંચથી છ વખત માર માર્યો છે.

પોલીસ-પ્રજા વચ્ચેની વિવાદી ગેરસમજ અને ગેપ દૂર કરી પ્રજાને સુરક્ષાનો વિશ્વાસ અપાવવા માટે સરકારે પોલીસ પ્રજાનો મિત્ર એવું સૂત્ર આપીને સુરક્ષા માટેની અનેક યોજનાઓ તૈયાર કરી છે. પરંતુ એના અમલને બદલે ક્યારેક પોલીસ દ્વારા નાગરિકો પર વિના વાંકે અત્યાચાર કરવામાં આવતા પોલીસ પ્રજાનો મિત્ર કે વેરી એવો સવાલ ઉભો થાય છે. ન્યૂ ગાંધીનગરમાં એક વેપારીને પોલીસે વિના વાંકે પાંચથી છ વાર માર મારતાં નાગરિકોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. ગઈ રાતના જ પોલીસની ૧૦૦ નંબરની ગાડી દુકાન પર આવી હતી અને વેપારીને દુકાન તાત્કાલિક બંધ કરી હવે પછી વહેલી દુકાન બંધ કરવાની સૂચના પણ આપી હતી. વેપારીએ બીજી દુકાનો પણ ખુલ્લી હોવાની સાહજીક દલીલ કરતાં જ પોલીસે 'એ તારે જોવાનું નથી... ઊભો રે... હમણાં તારી ચરબી ઉતારૂ છું.' એમ કહીને કોઈકને ફોન જોડતા ૧૫-૨૦ મિનિટમાં જ બાઈક પર બેઈસમો આવ્યા હતા અને વેપારીને રસ્તા પર લઈ જઈને ચારેય ઈસમોએ ઢોર માર માર્યો હતો. વેપારીના જણાવ્યા મુજબ અમુક દિવસ આંતરે પોલીસના માણસો તેને ડરાવતા ધમકાવતા રહે છે અને એક જ વર્ષના સમયગાળામાં કોઈ કારણ વિના તેને ૫ થી ૬ વખત માર મારી પરેશાન કર્યો છે. પોલીસના સતત દમનથી ડરી ગયેલ આ વેપારી ફરિયાદ કરવાની પણ હિંમત દાખવી શકતો નથી. આપવીતી રજૂ કરતાં આ વેપારીએ પોલીસ દમનમાંથી મુક્તિ મેળવવા માટે સંબંધિત તંત્રના અધિકારીઓને હૃદયપૂર્વકની અપીલ કરી છે.

## અઠ્ઠઈ તપ આરાધના



રાજસી રાજન શાહ



રાજવી રાજન શાહ

## ડભોડા ગામે હોમિયોપેથિક સ્વાઈન ફ્લુ પ્રતિરોધક દવાનું વિતરણ

ચિલોડા, તા. ૨૫

તાલુકાના ડભોડા ગામે ગ્રામ પંચાયત ડભોડામાં ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી આયુર્વેદિક શાખા જિલ્લા પંચાયત ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારી હોમિયોપેથી દવાખાના ડભોડા દ્વારા કલ્યાણપુરા ગ્રામસભા તથા સ્વાઈનફ્લુ પ્રતિરોધક હોમિયોપેથી દવા વિતરણ સમારંભ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ચેરમેન નરેશભાઈ મહિલા બાળ વિકાસ, જિલ્લા પંચાયદતના સદસ્ય દિનાજી ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.



આ કાર્યક્રમ અન્વયે વધુમાં જણાવ્યું હતું કે આ દવાઓ આશાવર્કરો, આરોગ્ય કાર્યકરો દ્વારા ઘરે ઘરે દવાનું વિતરણ કરાશે. ઉપરાંત નાના બાળકો, અબાલ વૃદ્ધો, સૌ કોઈ સહેલાઈથી દવા લઈ શકે છે. આ દવા કેન્દ્ર સરકાર માન્ય કાઉન્સીલના માર્ગદર્શન મુજબ આપવામાં આવે છે. આ દવા મીઠી હોવાથી નાના બાળકોને માટે ખૂબ આસાનીથી આપી શકાય છે. આ કાર્યક્રમ હેઠળ ડભોડા ગામના આશરે ૪૫૦૦થી વધુ પરિવારોને દવા અપાશે.



## ગજાનન સેવા સમિતિ દ્વારા ગણેશજીની મૂર્તિઓ શાળાઓને અર્પણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની સુનોક, ખારી, બુઢેલી, બુધરાસણ, અંબાબાર સહિતના વિસ્તારની ૧૦ શાળાઓમાં ગણપતિજીની મૂર્તિ શાળાના આચાર્યને સંસ્થાના સભ્યોના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત એ.પી.ઠક્કર કન્યામાં અભ્યાસ કરતી ૨૮૦ વિદ્યાર્થીનીઓ સાથે જાણીતા લેખક કિશોર જીકાદરા અને પ્રજ્ઞાબેન પટેલે વાતચીત કરી હતી.તેમજ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને નવિન કપડા પણ વિતરણ કર્યા હતા. બાળકોને પેન્સીલ, બોલપેન, નાસ્તો તથા બિસ્કીટના પેકેટ આપ્યા હતા. જયારેખારી ગામમાં ૬૮ ને તેમજ સુનોક ગામમાં ૭૦ વૃધ્ધ વડીલોને અનાજની કીટનું વિતરણ કર્યું હતું.આ પ્રસંગે સંસ્થાના મિલિંદભાઈ, ભીમજીભાઈ, યોગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે માણસા ખાતે કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૫

માણસા તાલુકા કોંગ્રેસ સમિતિના નવીન કાર્યાલયનું ઉદ્‌ઘાટન પાટણના પૂર્વ સાસંદ અને ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત ઉપપ્રમુખ જગદીશભાઈ ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના હસ્તે થશે. જે પ્રસંગે કોંગ્રેસના વફાદાર ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ, ઉપરાંત રામાજી ઠાકોર, જશુભા રાણા, રેખાબેન ચૌધરી, ડૉ. સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, ડૉ. કમલેશ ચૌધરી, પૃથ્વીસિંહ રાઠોડ, જગતસિંહ બિહોલા, જયંતીભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ સહિત જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો, શહેર-તાલુકા જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, એન.એસ.યુ.આઈ, વિવિધ સેલ અને ડિપાર્ટમેન્ટના હોદ્દેદારો ઉપરાંત જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને તા.૨૬-૮-૨૦૧૭ સવારે ૯-૩૦ કલાકે નગરપાલિકા શોપીંગ સેન્ટર, બગીચાની સામે, વિજાપુર રોડ માણસા ખાતે ઉદ્‌ઘાટન પ્રસંગે અને ૪૧, કડવા પાટીદાર સમાજ વાડીમાં યોજાનાર સભામાં સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં ઉપપ્રમુખ યશવંત ચૌધરીએ જણાવ્યું છે.

## ગાંધી મિત્રવર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરની માસિક બેઠક તા.૨૬-૮-૧૭ના રોજ સાંજે ૪ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાને પ્લોટ નં-૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી સેકટર-૨૨ ગાંધીનગર ખાતે મળશે. સર્વે ગાંધીજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે. આ બેઠકમાં ગાંધીજન રમણલાલ શ્રીમાળી ગાંધીજી અને સત્યવ્રત પર તેમના વિચારો રજુ કરશે તેમ સંસ્થાના મંત્રી સોમાભાઈ ડી પરમારે જણાવ્યું છે.



## ડીંગુચા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ડીંગુચા પ્રા. શાળામાં તાજેતરમાં પાનસર સીઆરસી કક્ષાનું વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાઈ ગયું. જેમાં કુલ ૭ શાળામાંથી ૨૩ કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેના નિદર્શનનો ગ્રામજનો તેમજ આસપાસની શાળાઓના બાળકોએ મહત્તમ લાભ લીધો હતો. કાર્યક્રમમાં ભોજનના દાતા નટવરભાઈ બી. પટેલ તથા અન્ય દાતાઓ કાન્તીભાઈ બી. પટેલ તથા અમૃતભાઈ એન. પટેલ (વકીલ), સરપંચ ગ્રામજનો, એસએમસી સભ્યો, સીઆરસી કો. પેટા શાળાના આચાર્યો તથા શિક્ષકોએ હાજરી આપી હતી અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નમ્રતાબેન બારોટે તથા આભારદર્શન શાળાના આચાર્ય જયેશભાઈ પટેલે કર્યું હતું. ઉપરાંત આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફનો મહત્વનો ફાળો હતો.

## બોરીજ નવા પરા ખાતે ગણેશ સ્થાપન

ગાંધીનગરના વોર્ડ નં. ૨માં સમાવિષ્ટ બોરીજના નવાપરા વિસ્તારમાં ધનલક્ષ્મી સોસાયટી ખાતે સવારે ૯ કલાકે ગણેશોત્સવનો પૂજન-અર્ચન સાથે શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર લલીતાબેન ઠાકોરે ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે સ્થાનિક અગ્રણી શંકરકાકા તથા અન્ય વસાહતીઓ તથા મહિલાઓ પણ ઉત્સવમાં જોડાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બોરીજના નવાપરા ખાતેના ચામુંડા મિત્રમંડળ દ્વારા લગ્નવાડી ખાતે આયોજિત ગણેશોત્સવમાં પણ કોર્પોરેટર લલીતાબેન ઠાકોરને મુખ્ય મહેમાનપદે નિમંત્રિત કરાયા હતા.



## હસ્ત નક્ષત્રમાં સામવેદી બ્રાહ્મણોએ નૂતન યજ્ઞોપવિત ધારણ કરી

સામાન્ય રીતે શ્રાવણી પૂનમ એટલે કે રક્ષાબંધનનો દિવસ બ્રાહ્મણો માટે નૂતન યજ્ઞોપવિત ધારણ કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ ગણાય છે, જો કે સામવેદી બ્રાહ્મણો દ્વારા ભાદરવા સુદમાં જયારે હસ્ત નક્ષત્ર હોય ત્યારે નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનું પસંદ કરે છે. આ વર્ષે હસ્ત નક્ષત્ર ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે જ હોવાથી ગાંધીનગરના સામવેદી બ્રાહ્મણોએ આજે નૂતન યજ્ઞોપવિત ધારણ કરી હતી. ગાંધીનગરના શ્રીમાળી બ્રાહ્મણ સમાજના સામવેદી બ્રાહ્મણોએ આ શુભ કાર્ય જ્ઞાતિના શાસ્ત્રી બાલકૃષ્ણભાઈ જોષીએ વૈદિક શાસ્ત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ વીપીનભાઈ ઓઝા અને મંત્રી પરેશ ત્રિવેદી સહિત સભ્યોએ સમૂહ મહાપ્રસાદનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## 'ગાંધીનગરની આજ અને આવતીકાલ' વિષય પર વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ત્રિદલ સંસ્થાની ઓગસ્ટ માસની બેઠકમાં તા.૨૭ ઓગસ્ટના રોજ રવિવારે સાંજે ૫ કલાકે પ્લોટ નં-૭૯૦-એ નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્રભવન સામે સેકટર-૨૧ ખાતે મળશે. આ બેઠકમાં કર્મઠ અને જાગૃત નાગરીક અને સમાજસેવી અરૂણ બુચ ગાંધીનગરની આજ અને આવતીકાલ વિષય પર વકતવ્ય આપશે. સંસ્થાના સભ્યો તથા ભાવિકો અને જાગૃત નાગરીકોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## અમદાવાદ શહેરમાં 'બાલા હનુમાન એક્સપ્રેસ' બસ સેવાનો પ્રારંભ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ શહેરમાં કોટ વિસ્તારમાં આજથી 'બાલા હનુમાન એક્સપ્રેસ' બસ સેવાનો પ્રારંભ કરાયો છે. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે શહેરના હાર્દસમા ભદ્રકાળી વિસ્તારથી આ મફત સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ બસને પ્રસ્થાન કરાવતાં ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, શહેર તેમજ રાજયના અનેક પ્રવાસીઓ ભદ્રકાળી માતાના દર્શને આવે છે. આ વિસ્તારમાં પાથરણાવાળાઓને કારણે દર્શનાર્થીઓના આવન-જાવન તથા દર્શન માટે મુશ્કેલીઓ પડતી હતી. સાથે સાથે અમદાવાદ શહેર હેરિટેજમાં સ્થાન પામ્યું છે ત્યારે સમગ્ર વિસ્તારને ખુલ્લો કરાયો છે. પરિણામે શહેર-રાજ્યના શ્રધ્ધાળુ દર્શનાર્થીઓ શાંતિપૂર્ણ અને શ્રધ્ધાપૂર્વક માતાજીના દર્શન કરી શકશે. આજથી શરૂ કરાયેલી 'બાલા હનુમાન એકસપ્રેસ' લાલ દરવાજાથી ઉપડી ભદ્રકાળી પ્લાઝાથી, પાનકોરનાકા, બાલાહનુમાન, પાંચકુવા, રાયપુર, તિલકબાગ થઈને લાલદરવાજા પરત ફરશે. આ રૂટ પર પ્રવાસીઓ મફત પ્રવાસ કરી શકશે.

# રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪ તાલુકામાં વરસાદ

ગાંધીનગર, તા.૨૫

રાજયમાં વરસાદનું જોર ઘટવા પામ્યું છે. છેલ્લા ૩૪ કલાક દરમિયાન રાજયના ૩૬ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ તાપી જિલ્લાના ઉછ્છલમાં ૧૨૦ મીમી એટલે ૫ ઈંચ જેટલો ભારે વરસાદ થવા પામ્યો છે.

રાજય ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર પાસેથી આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયમાં ૩૪ તાલુકાઓમાં થયેલા વરસાદના આંકડા મીમીમાં આ પ્રમાણે છે. જેમાં ભરૂચમાં ૨૧ મીમી, વાંસદામાં ૨૦ મીમી જેટલો વરસાદ થવા પામ્યો છે.

આ ઉપરાંત વલસાડમાં ૧૮ મીમી, કપરાડામાં ૧૭ મીમી, જાંબુઘોડામાં ૧૫ મમી, ઝઘડીયામાં ૧૫ મીમી, નેત્રંગમાં ૧૫ મીમી, નીઝરમાં ૧૪ મીમી, સોનગઢમાં ૧૪ મીમી, ઉપરપાડામાં ૧૦ મીમી, સીનોરમાં ૮ મીમી, મહુવામાં ૮ મીમી, કુકરપાડામાં ૭ મીમી, ડાંગમાં ૭ મીમી, પોશીનામાં ૬ મીમી વરસાદ નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમિયાન રાજયના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ નોંધાવા પામ્યો છે. કયાંક સામાન્ય તો કયાંક ભારે વરસાદ નોંધાયો હોવાના અહેવાલો સાંપડયા છે.



સેક્ટર-૧૭ છ ટાઈપના રહેવાસીઓ દ્વારા વિઘ્નહર્તાનું આગમન થતા સર્વત્ર આનંદ ઉલ્લાસ છવાયો છે. સેક્ટર-૧૭ છ ટાઈપના રહેવાસીઓ ભાવપૂર્વક શ્રીજીની ભકિતમાં લીન બન્યા છે.

# પ્રદેશ કોંગ્રેસ ચૂંટણી સમિતિની રચના : ૧૨ અગ્રણીઓનો સમાવેશ

## ચૂંટણી સમિતિમાં એહમદ પટેલ સહિત એઆઇસીસીના ૭ હોદ્દેદારો સામેલ થયા : વ્યસ્તતા-નિમણૂંકોનો દોર જારી

અમદાવાદ,તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ ગુજરાત કોંગ્રેસમાં નિમણૂંકો અને અગત્યના નિર્ણયોનો દોર આજે પણ ચાલુ રહ્યો હતો. એઆઈસીસી દ્વારા કોંગ્રેસ દ્વારા હાલના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના નેજા હેઠળ ૧૨ સભ્યોની ચૂંટણી સમિતિની રચના કરવામાં આવી છે. ચૂંટણી સમિતિ ચૂંટણીલક્ષી મહત્વની કામગીરી સંભાળશે.

આ સિવાય ચૂંટણી સમિતિમાં એહમદ પટેલ સહિત એઆઈસીસીના સાત હોદ્દેદારોને પણ સમાવાયા છે. એઆઈસીસી દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે વિશેષ ચૂંટણી સમિતિની રચના કરવામાં આવી છે, જેના ચેરમેન તરીકે ભરતસિંહ સોલંકીને નિયુક્ત કરાયા છે. સોલંકી સિવાય સમિતિના બાકીના અન્ય સભ્યોમાં મોહનસિંહ રાઠવા, અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ, નરેશ રાવલ, તુષાર ચૌધરી, ચંદ્રિકાબહેન ચુડાસમા, કદીર પીરઝાદા, રાજુ પરમાર, જગદીશ ઠાકોર અને શૈલેષ પરમારનો સમાવેશ કરાયો છે.

જયારે એઆઈસીસીના એહમદ પટેલ સહિતના અન્ય સાત હોદ્દેદારોને પણ હોદ્દાની રૂએ આ કમીટીમાં સમાવવામાં આવ્યા છે. તદુપરાંત, ફ્રન્ટીઅલ ઓર્ગેનાઈઝેશન યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવા દળના પ્રતિનિધિઓને પણ સમાવવામાં આવ્યા છે. તો, નવ સ્પેશ્યલ ઈન્વાઈટીને સામેલ કરાયા છે. બીજીબાજુ, કોંગ્રેસપક્ષમાં હજુ પણ હોદાઓની લ્હાણી અને નિયુક્તિઓનો દોર ચાલુ રહે તેવી શકયતા છે. આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મહામંત્રી અને પ્રવકતા નીમાય તેવી પણ શકયતા છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે તેના પ્રદેશ સંગઠન અને માળખામાં જમ્બો ફેરફાર અને વિસ્તરણ કરી ૧૯૨નું સંખ્યાબળ કર્યું છે પરંતુ તેમાં હજુ વધુ ઉમેરો થાય તેવી પૂરી શકયતા છે. દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદમાં રિવરફ્રન્ટ પર પંચાયતી રાજના પ્રતિનિધિઓના મહાસંમેલનમાં હાજરી આપવા આવનાર છે ત્યારે આ દિવસે રાહુલ ગાંધી કોંગ્રેસ પક્ષના કાર્યકરો સાથે ખાસ ચર્ચા અને સંવાદ કરે તેવી પણ શકયતા છે.



શહેરમાં શ્રધ્ધાળુઓના ઘરે વિઘ્નહર્તાનું આગમન થતા સર્વત્ર આનંદ ઉલ્લાસ છવાયો છે. શહેરીજનો ભાવપૂર્વક શ્રીજીની ભકિતમાં લીન બન્યા છે. જાણીતા ફિલ્મ-ટીવી અદાકાર તથા ભાજપના ગુજરાત યુવા મોર્ચાના અગ્રણી નેતા જનક ઠકકરના નિવાસે પણ સતત છઠ્ઠા વર્ષે ગણપતિદાદાનું સ્થાપન કરાયું છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેર નજીક આવેલ વાવોલ ગામે રહેતા સુરેશભાઈ.પુરૂષોતમદાસ પ્રજાપતિ ઉ.વ.આશરે ૫૭, ૯૯૪ વિજય એપાર્ટમેન્ટ વાવોલનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતના કુટુંબીજન રાકેશ.ડી.પ્રજાપતિની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. સૌરભ અને ડો.પ્રશાંથી તેમજ જુસીકાના કાર્યકર દિલીપભાઈએ પુરી પાડી હતી.સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (અમદાવાદ સિવિલ હોસ્પિટલ)ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતભાઈ કર્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

**ટુંકી જાહેરખબર**
**જમીન સુધારા કમિશનર કચેરી, ગાંધીનગર**

આ કચેરી હસ્તકનું રદબાતલ કરેલ વાહન ટાવેરા ગાડી નં. જીજે-૧૮ - જી - ૨૦૦૬ નવા સચિવાલય બ્લોક નં. ૧૧ની સામે આવેલ વાહન પાર્કિંગમાં છે. તે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાહેર હરાજી કરી નિકાલ કરવાનો થાય છે. વાહન કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. જેની તળિયાની કિંમત રૂ. ૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દસ હજાર) નક્કી કરેલ છે. રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) રોકડા ડિપોઝીટ અત્રેની કચેરીમાં તા. ૩૦/૮/૨૦૧૭ થી તા. ૬/૯/૨૦૧૭ સુધીમાં જમા કરાવવાના રહેશે. હરાજી તા. ૮/૯/૨૦૧૭ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે મદદનીશ કમિશનર જમીન સુધારાની કચેરી, બ્લોક નં. ૧૧/૭મો માળ, નવા સચિવાલ ખાતે રાખેલ છે. શરતોની કોપી ડિપોઝીટ જમા કરાવતી વખતે મેળવી લેવાની રહેશે.

તા. /૦૮/૨૦૧૭

સહી/-
(વી. આઈ. પ્રજાપતિ)
મદદનીશ કમિશનર
જમીન સુધારા કમિશનર કચેરી,

માહિતી/૧૪૪૩/૧૭-૧૮